**૮માં અધિક સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

રૂમ નંબર : એ - ૧૭, નવી કોર્ટ બિલ્ડિંગ, દિવાળીપુરા, વડોદરા.

**ફોજદારી કેસ નંબર :** 64147 / 2024

| | |
|---|---|
| **ફરિયાદી** : | સરકારશ્રી |
| **વિરૂદ્ધ** | |
| **આરોપી** : | આશિષભાઈ રમેશભાઈ સોનવણે |

**:: આંક - ૦૧ લગત વધુ હુકમ ::**

આરોપી વિરૂદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ - ૬૬ (૧) (બી), ૮૫ મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. હાલના કામે આંક - ૦૧ લગત અગાઉ આરોપીને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ - ૮૫ મુજબના ગુન્હામાં બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી વિરૂદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ - ૬૬ (૧) (બી) મુજબની ઇન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. સદર કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા રજૂઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતિ કરેલ છે.

આજ રોજ તારીખ : ૧૪ / ૦૯ / ૨૦૨૪ નારોજ રાષ્ટ્રીય લોક અદાલતના દિવસે ખાસ સિટિંગનું આયોજન કરવામાં આવેલું હોઈ, હાલના કેસનું રેકર્ડ જોતા હાલના આરોપી વિરૂદ્ધ વારંવાર કરેલ પ્રોસેસ ધ્યાને લેતા આરોપી સમન્સ / વોરંટમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી. હાલના કામના આરોપીને વારંવાર પ્રોસેસ કાઢી પોલીસ એજન્સી મારફતે બજવણી અર્થે મોકલવામાં આવવા છતાં, સદર પ્રોસેસ બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેને કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી અને ઘણા સમયથી નિકાલ સારું બાકી રહેલ છે. આથી, હવે ફરિયાદ પક્ષે આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે.

આ તબક્કે **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮** વંચાણે લેતાં,

> **કેટલાક કેસમાં કાર્યવાહી બંધ રાખવાની સત્તા :**
> " ફરિયાદ પરથી દાખલ થયેલ હોય તે સિવાયના સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજૂરીથી અન્ય કોઈ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે તેવી અસર થશે. "

આમ, ફરિયાદ ઉપરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજિસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈ પણ તબક્કે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો આરોપીને નિર્દોષ ઠરાવી મુક્ત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુક્ત કરવામાં આવેલ હોય તેમ થશે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **રંજન દ્વિવેદી વિરૂદ્ધ સી.બી.આઈ**.

ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ફોજદારી અદાલત દ્વારા ઉચિત કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮, ૩૦૯, ૩૧૧ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં કરવો જોઈએ.

ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લેતાં, હાથ ઉપરના કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે.

આમ, ઉપરોક્ત પરિસ્થિતિઓ, સંજોગો, હકીકતો, વિગતો, કેસના કાગળો તથા ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮ ધ્યાને લેતાં, સદર કેસમાં આરોપીને વારંવાર પ્રોસેસ કાઢી પોલીસ એજન્સી મારફતે બજવણી અર્થે મોકલવામાં આવવા છતાં, સદર પ્રોસેસ બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેને કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી. આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુન્હો, કાયદાકીય જોગવાઈ તથા કેસનો પ્રકાર જોતાં, સદર કેસમાં ફરિયાદ પક્ષે આરોપીને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપી કેસને વિશેષ લંબાવવા માટે વ્યાજબી કારણ જણાતું નથી તેમજ હાલના કેસની ઇન્સાફી કાર્યવાહીમાં આરોપી વિરૂદ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** સદર કેસની કાર્યવાહી ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૨૫૮ અન્વયે આરોપી વિરૂદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ - ૬૬ (૧) (બી) મુજબના ગુન્હાઓ સબબની કાર્યવાહી સ્થગિત કરી સદર કેસમાંથી આરોપીને બિનતહોમતે છોડી મૂકવાનો આદેશ કરવામાં આવે છે.

**(૨)** સમય મર્યાદાની જોગવાઈને આધીન રહી અધિકૃત ઓથોરિટી ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ - ૩૦૦ (૫) મુજબ, જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેઓ વિરૂદ્ધ ફરી કેસ દાખલ કરી શકે છે.

**(૩)** સદર કામે આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે અને જામીનદારને મુક્ત કરવામાં આવે છે. આ કામે જો રોકડ જામીન રજૂ હોય તો તે આથી જપ્ત કરી સરકાર ખાતે જમાં કરવાનો આદેશ કરવામાં આવે છે.

**(૪)** હાલના કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાના તબક્કે હુકમ કરવામાં આવેલ હોય તો તે સદર હુકમથી કાયમ કરવામાં આવે છે, અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ નિયમાનુસાર કાર્યવાહી કરવી.

આજ તારીખ **૧૪**મી, માહે **સપ્ટેમ્બર,** સને **૨૦૨૪**નારોજ હુકમ લોક અદાલતમાં સ્પેશિયલ સિટિંગ દરમ્યાન ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** વડોદરા
**તારીખ :** ૧૪ / ૦૯ / ૨૦૨૪

**દેવદત્ત વી. વ્યાસ**
૮માં અધિક સિવિલ જજ અને
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
વડોદરા.
**(જીજે૦૧૬૫૯)**